# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


**પ્રેસનોટ** **તા. ૨૯/૦૭/૨૦૧૭**

**સમાજ જીવનમાં પ્રતિષ્ઠા ધરાવનાર આગેવાનો પર નિમ્ન કક્ષાના આરોપો લગાવી તેમને અપમાનિત કરી કોંગ્રેસે તેની નબળી માનસિકતા છતી કરી છે – શ્રી ભૂપેન્દ્રજી યાદવ**

---------------------------

**સંકટના સમયે જનતા તેના જનપ્રતિનિધિઓનો સંપર્ક પણ ન કરી શકે તેવી અઘોષિત કટોકટીની સ્થિતિ ઉપસ્થિત કરી કોંગ્રેસે ગુજરાતની જનતા સાથે વિશ્વાસઘાત કર્યો છે – શ્રી ભૂપેન્દ્રજી યાદવ**

---------------------------

આજ રોજ પ્રદેશ કાર્યાલય ‘‘શ્રીકમલમ્’’ ખાતે પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીની ઉપસ્થિતિમાં મીડીયા-પત્રકારો સાથે ચર્ચા દરમિયાન ભાજપાના રાષ્ટ્રીય મહામંત્રીશ્રી અને ગુજરાતના પ્રભારીશ્રી ભૂપેન્દ્રજી યાદવે કોંગ્રેસના પ્રવક્તા સુરજેવાલા અને અશોક ગેહલોતના નિવેદન સામે પ્રતિક્રિયા આપતાં જણાવ્યુ કે, કોંગ્રેસના આંતરિક કલહ, નિષ્ફળ નેતાગીરી અને બેજવાબદાર નીતિરીતિથી ત્રસ્ત થઇ કોંગ્રેસના વરીષ્ઠ નેતાઓએ કોંગ્રેસ છોડી છે. જેઓ ૩૫-૪૦ વર્ષથી સાર્વજનિક જીવનમાં સક્રિય હોય, વર્ષોથી વિધાયક રહ્યા હોય તેવા કોંગ્રેસના વિપક્ષના નેતા, મુખ્ય દંડક, પ્રવક્તા તેમજ સહકારી અગ્રણીઓએ કોંગ્રેસ છોડી છે. સમાજ જીવનમાં પ્રતિષ્ઠા ધરાવનાર આવા સન્માનનીય આગેવાનો પર નિમ્ન કક્ષાના આરોપો લગાવી તેમને અપમાનીત કરી કોંગ્રેસે તેની નબળી માનસિકતા છતી કરી છે.

શ્રી યાદવે વધુમાં જણાવ્યુ હતુ કે, ગુજરાતના મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી, સમગ્ર મંત્રીમંડળ અને ધારાસભ્યો સહિતના આગેવાનો તેમજ ભાજપા સંગઠનના સૌ કાર્યકર્તાઓ પ્રાકૃતિક આપત્તિના સમયે રાત અને દિવસ પ્રજા વચ્ચે રહી સેવાકીય કામગીરી કરી રહ્યા છે, ત્યારે કોંગ્રેસના ધારાસભ્યો પોતાના વિસ્તારમાં સેવાકીય કામગીરી કરવાને બદલે બેંગલોરની ફાઇવસ્ટાર હોટેલમાં જલસા કરી રહ્યા છે. કોંગ્રેસે તેના બધા ધારાસભ્યોના મોબાઇલ પણ સ્વીચ-ઓફ કરાવી દીધા છે. સંકટના સમયે જનતા તેના જનપ્રતિનિધિઓનો સંપર્ક પણ ન કરી શકે તેવી અઘોષિત કટોકટીની સ્થિતિ ઉપસ્થિત કરી કોંગ્રેસે ગુજરાતની જનતા સાથે વિશ્વાસઘાત કર્યો છે.

શ્રી યાદવે વધુમાં જણાવ્યુ હતુ કે,

- કોણે ધારાસભ્યોને બંધક બનાવ્યા ?
- કોણ રાતોરાત ધારાસભ્યોને બેંગલોર લઇ ગયા ?
- કોના ખર્ચે કોંગ્રેસના ધારાસભ્યો બેંગલોરમાં જલસા કરી રહ્યા છે ?

આ સવાલોના જવાબ ગુજરાતની જનતા સુપેરે જાણી ચૂકી છે. કોંગ્રેસ જમીન પરનો જનાધાર ગુમાવી ચૂકી છે. સમગ્ર દેશમાં કોંગ્રેસની નિષ્ફળતાને લીધે લોકોનો કોંગ્રેસ પરનો મોહભંગ થયો છે, ત્યારે બેબુનિયાદ આક્ષેપો દ્વારા કોંગ્રેસ તેના સ્વભાવ મુજબ ગુજરાતને બદનામ કરવા માંગે છે.

આ સાથે શ્રી યાદવે ગુજરાતની રાજ્યસભાની ત્રણેય સીટો પર ભાજપાના ભવ્ય વિજયનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

**(ડૉ. હર્ષદ પટેલ)**
**કન્વીનર-મીડીયા સેલ**